જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૦/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૭૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૩૨ લીટર દેશી દારૂ, ૨૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૦ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૩૪ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૭૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અને પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૭૩/૨૦૨૫**

નવરંગપુરાઃ વિજયભાઇ જ્યેંતિભાઈ સતિકુવર (ઉ.વ.૫૨)(રહે. ઈસ્ટ એબોની, રાજપથ ક્લબની પાછળ, બોડકદેવ)એ તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓક્ટોબર/૨૦૨૪ થી તા.૧૦/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા લાલ બંગલા પાસે, સુપર મોલ, પહેલો માળ ખાતે આવેલ વિજયભાઇની "જે.વી.એસ.જ્વેલર્સ" નામની ભાગીદારી પેઢીમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા આરોપી અંકુર નરેશભાઈ રાણપરા (રહે.ઉમીયાનગર સોસાયટી, મંગલદીપ સ્કુલની બાજુમાં, નિર્ણયનગર) એ વિજયભાઇનો વિશ્વાસ કેળવી સેલ્સ માટે આપવામાં આવતી ગોલ્ડ જ્વેલરી ગ્રાહકોને વેચાણ કરવાને બદલે ૭૭૨૫.૦૨૪ ગ્રામ નેટ વજનનુ ગોલ્ડ ૨૨ કેરેટ જેની અંદાજીત કિંમત રૂપિયા ૭,૨૪,૯૧,૬૨૫/– મતાનુ તથા સ્ટોનની કિંમત રૂપિયા ૭,૨૬,૪૫૭/– વિજયભાઇની જાણ બહાર ઉચાપત કરી લઇ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એ.ગઢવી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૪૭૪/૨૦૨૫**

સાબરમતીઃ હાર્દિક સ/ઓ નરેન્દ્ર વ્યાસ (ઉ.વ.૪૯)(રહે.માલાબાર એકઝોટીકા, માલાબાર કાઉન્ટી–૩ નજીક ત્રાગડ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા ભવરલાલ ખેતાજી મીણા (રહે. નયા ગાવ, દેવગાવ, દિયો–ગાવ, દેઓગમ, ઉદયપુર, સલુમ્બર રાજસ્થાન) તા.૧૭/૧૦/૨૦૨૫ સવારના ૧૧/૦૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘરની તિજોરીનું તાળું ખોલી, ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૬,૫૦,૦૦૦/– ચોરી કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૭૫/૨૦૨૫**

સાબરમતીઃ લલીતાબહેન નગરાજભાઇ રાઠોડ (ઉ.વ.૫૮)(રહે.અંબિકાભવન સત્યનારાયણ સોસાયટી રામનગર સાબરમતી) તા.૧૭/૧૦/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાન ખાતે કોઈ કારણસર આગ લાગતા, લલીતાબહેન ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને સાબરમતી વિમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૦/૨૦૨૫ સાંજના ૫/૦૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દીલવકુમાર રાજુભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૭૬/૨૦૨૫**

ઈસનપુરઃ જલ્પેશભાઇ હરીશકુમાર શાહ (ઉ.વ.૪૦)(રહે. ઉપાસના રાજબાગ સોસાયટી, ઘોડાસર, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૫ સાંજના ૬/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ ચલાવે છે.

ચાંદખેડાઃ કિષ્ણાકાંતા સ/ઓ કમલાકાંતા બરુહ (આસામિસ્ટ) (ઉ.વ.૪૬)(રહે.આર્ચિડ ફ્લેટ ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૫ કલાક ૧/૩૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ફ્લેટના કોઇપણ માળેથી નીચે ઝંપલાવી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આનંદકુમાર પરસોત્તમભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી